# SAMVAD E-JOURNAL

ISSN (Online) :2583-8334

(International Peer-Reviewed Refereed Journal)

Volume 4, Issue-1, January to March : 2026

Published by Rangmati Publication http://www.rangmatipublication.com/


## 'તિલોર' નવલકથામાં કચ્છી 'જત' લોકોનું સામાજિક જીવન


જતીનકુમાર કે. સોલંકી

(એમ. એ., એમ. એડ., પીજીડીસીએ, એલ. એલ. બી., નેટ(શિક્ષણ))

-રિસર્ચ સ્કોલર, ગુજરાતી ભાષા સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ગુજરાત રાજ્ય.



***ABSTRACT*** *: ધ્રુવ ભટ્ટ સાહેબની નવલકથાઓ પ્રાકૃતિક વર્ણનોથી ભરપૂર હોય છે. 'તિલોર' નવલકથા કચ્છ પ્રદેશમાંથી લુપ્તતાનાં આરે ઊભેલ એક પક્ષી જેને કચ્છમાં વિવિધ નામોથી ઓળખાય છે તેવા 'તિલોર' પંખીની સંવેદના સમજાવવાનો ઉત્તમ પ્રયાસ છે. આ પક્ષીની વિશેષતાઓને સમજીને સમજાવવાનો ઉત્તમ પ્રયાસ છે. નવલકથામાં કચ્છમાં વસવાટ કરનારી માલધારી કોમોનાં બોલી, રહેણીકરણીને ઉજાગર કરેલ છે. ગુજરાતનાં વણઝારા, રબારી, જતસમાજનાં માલધારી લોકોનાં વ્યવસાય અને જનજીવનની ચિત્રાત્મક રજૂઆત નવલકથામાં જોવા મળે છે.અહીં પ્રકૃતિમાં વસવાટ કરનારી એક ખાસ માલધારી જાતિઓમાંની એક જાતિ છે, જેને મુસ્લિમ સમાજમાં 'જત' નામે ઓળખવામાં આવે છે. તેમનો સામાજિક વ્યવહાર, પરંપરા, સંસ્કૃતિ,આર્થિક સ્થિતિ અને વ્યવહારિક બાબતોનાં વર્ણનો નવલકથાને વાંચતા ઊડીને આંખે વળગે તેવા ચોટદાર અને હૃદયદ્રાવક દશ્યો લેખકે કચ્છી બોલી, જત બોલીનો ઉપયોગ કરીને હુબહુ ઉપસાવ્યા છે. તેના આધારે કચ્છમાં વસનાર 'જત' જાતિનાં લોકોનું સામાજિક જનજીવન, રહેણીકરણી, ખાનદાની અને ખુમારી વિશે વિગતે પરિચય મળી રહે છે. 'ભૂંગા' જેવા સામાન્ય ઘરમાં જત લોકોની આર્થિક પરિસ્થિતિ સાવ નબળી હોય છે. તેમ છતાં તેમની ખાનદાની અને જીવન વ્યવહારમાં ઉચ્ચકોટિની ખુમારીનાં દર્શન થાય છે. એકબીજાને મદદ કરવી તેમજ નાહકનું કોઈનું પણ ન લેવાનું અને ખુદ્દારીથી આપી દેવાની ખાનદાની ભાવનાનું ઉદાત્ત નિરૂપણ થયેલ છે.લેખક નવલકથામાં અનામી નાયકને કચ્છમાં સંપર્કમાં આવેલ વિવિધ લોકો સાથેનાં જન-વ્યવહારમાં આ પાત્રોની વિશેષતા ખાસ જોવા મળે છે.*



- ***કીજત પ્રજા : વર્ડ, સામજિક જીવન, વ્યવહાર, સાદગી, ખુમારી.***


**પ્રસ્તાવના** :પ્રકૃતિને વરેલા અને જનમાનસને પણ પ્રકૃતિને જાણવામાં મદદરૂપ થનાર કવિ- લેખક એવા ધ્રુવ ભટ્ટ ગુજરાતી ભાષાનાં પ્રસિદ્ધ નવલકથાકાર છે. પ્રાણી અને પંખીઓને પણ બોલતા કરવાની તેમનામાં અદ્દ્ભૂત કળા લેખક પાસે છે.. 'તિલોર' પક્ષી સાથેનાં વાર્તાલાપ અને 'હેણોતરો' સાથેનાં સંવાદોમાં તે સ્પષ્ટ જણાઈ આવે છે. અહીં ગુજરાતનાં વણખેડાયેલ દૂરનાં ખૂણાનાં પ્રદેશ કે જે અરબ સાગરની મિલન ભૂમિ છે તે કચ્છી અખાતનાં પ્રદેશમાં વસતા જત માલધારી લોકોની અનોખી વાતો જાણવા મળે છે. સેવાકામો કરતી કોઈ એક સંસ્થાએ કચ્છનાં આ ખારાપાટ અખાતમાં વસતા 'જત'લોકો માટે મૂળભૂત સગવડો ઊભી કરવાનું નક્કી કરેલહતું. નાયકની બેંકનાં બોર્ડે પણ માલધારીઓ માટે પીવાનાં પાણીની ટાંકી ઊભી કરવામાં રસ દાખવેલો હતો. આથી નાયકને પણ કચ્છનાં આ પ્રદેશમાં જવાની તક મળેલ હતી.આ મુસ્લિમ 'જત'માલધારી પાસે લઇ જનારી સંસ્થા ભુજમાં જ હતી. આથી નાયક પોતાના રોયલ એનફિલ્ડ બુલેટ પર 'જત' સમાજનાં લોકોની વસ્તીમાં ભુજ સંસ્થાનાં કાર્યકર બબ્બુ સાથે જવાનું ગોઠવે છે. નવલકથાની શરૂઆતમાં અક્સા નામની મુસ્લિમ જત કન્યા નાયકને પાણી ભરી દેવામાં અને બેન્કમાં ચિઠ્ઠી લખી દેવામાં મદદ કરનારી છોકરી તરીકે દેખાઈ આવે છે. તો 'આયજા' નામની યુવતી આ નવલમાં રમીમાંનાં ઘેર મદદ કરતી ને કડીયાકામ કરતી જોવા મળે છે. આ નવલકથામાં પ્રકરણ-૧૩, ૧૪ માં કાંઠા વિસ્તારનાં ફકીરાણી જત અને પ્રકરણ-૧૯ માં બન્ની વિસ્તારમાં જોવા મળતા ગરાસિયા જતનાં વર્ણવેલા વિવિધ પ્રસંગોને આધારે સુન્ની મુસ્લિમ એવા જત લોકોનાં સામાજિક જનજીવનને અહીં નિરૂપવામાં આવેલ છે.

'તિલોર' નવલકથાનાં પ્રકરણ-૧૩ અને પ્રકરણ-૧૪ માં નાયક કચ્છનાં દરિયે બેંકના કાર્ય અર્થે જાય છે તેનું વર્ણન મળે છે. ત્યારે પરિચયમાં આવેલ જત 'ઇબલા' નાં પાત્ર પરથી જણાય છે કે જત લોકોનાં પડાવ દૂર દરિયાની ખાડી પાસે હોય છે.ખાડીનો કાંઠો લાંબો હોય

છે. જ્યાં મુખ્ય રસ્તા હોતા નથી. જ્યાં માત્ર ખારોપાટ અને કાદવિયા મેદાનો હોય છે. ત્યાં અડાબીડ વિસ્તારમાં જત લોકોનો વસવાટ હોય છે. જેમની ઓળખ બબ્બુ નાયકને કરાવે છે તે ઇબલો જત ઘણો ઊંચો, ધોળા વાળવાળો છે. તેની ઊંચાઈ અને ચહેરા પરથી તે પઠાણ જેવો કદ-કાઠી વાળો લાગે છે. નાયકનાં ઉદ્દેશ્યની ખબર ન હોય બબ્બુ નાયકને ઇબલા પાસે મૂકીને પરત જતો રહે છે. ઇબલાની ભાષા મૂળે કચ્છી છે. પણ થોડી જુદાં પ્રકારની ઉર્દુ મિશ્રિત કચ્છી હોય છે. નાયકને તેની વાત સમજતા વાર લાગે તેવી હોય છે. ઇબલા સાથેની વાતચીત પરથી આપણને ખબર પડે છે કે જત લોકોનાં પડાવો દરિયાની ખાડીને કાંઠે હોય છે. પાણીની યોજના કે સ્થળ તપાસની કામગીરી આ ખાડીએ તાતી જરૂરિયાત છે. ઝાંકળીયા દિવસો પુરા થાય પછી જ જત લોકો આ દરિયાઈ ખાડી પર જાય છે. નાયકને રસ્તાની ખબર છે કે નહીં તે જાણવાની કે તેનાં વાહન ચલાવવાની પરવાનગી જેવી બાબતોને નજરઅંદાજ કરીને 'તારાથી ત્યાં ગાડી નહીં ચાલે' એમ આત્મવિશ્વાસથી કહીને પોતે નાયકનું નવું રોયલ એનફિલ્ડ બુલેટ ચલાવી લે છે. વાહન ચલાવતાની સાથે શાહ અબ્દુલ લતીફ ભીટાઈએ લખેલ દુહો ઇબ્લો રાગથી ગાય છે.

'જજી જશ જતને ખે જતે જત રહન
ગાળા ગુલ ગગેરીયન મથ્થે ટોર ટલન

ઉક્ત પંક્તિ ગાઈને ઇબલો જત લોકોની ખાસિયત જણાવે છે કે, "જાજો જશ જતોને, જત જ્યાં પણ રહે સુખી રહે, જત માલધારીઓની ઓરતોની ગાગરીઓમાં રાતાં ફૂલ અને જાતજાતનાં ભરત કાયમ રહે. ગાડી પલાણી લે, મારગ મારા માથાનો છે" એમ ગાઈને પોતાની સંસ્કૃતિનું આગવું વર્ણન પણ કરે છે.

જત માલધારી સમાજ ઊંટગાડીઓનો વાહન વ્યવહાર માટે ઉપયોગ કરે છે.એ ઊંટગાડી પણ ન હોય તો પગે ચાલીને પગપાળા યાત્રા કરવી એ તેમના રોજીંદા જીવનમાં વણાયેલ હતું. ઊંટો, ગાય, ભેસ, ઘેટાં, બકરાને ચરાવવા એ પુરુષોનો નિત્યક્રમ હતો. આ પ્રાણીઓનાં દોહેલા દૂધમાંથી આવક મેળવવી તેમનો મુખ્ય વ્યવસાય હતો. આ વિસ્તારમાં ખારાઈ ઊંટો અને કચ્છી ઊંટો તેમજ ઘેટાં, બકરા કે ગાયોનું તૈયાર દૂધ લઇ જનાર પણ તૈયાર જ રહેતાં. આથી પશુપાલન તેમનો મુખ્ય વ્યવસાય હતો.જત લોકો ખારા પાણી પીને ઉછરેલા ચેરનાં વૃક્ષો જ્યાં ઉગેલા હોય તે કાદવથી ભરપૂર ટાપુ પર મેન્ગ્રુવનાં વનોમાં પોતાના ઊંટોનાં ટોળાને ચરવા લઇ જાય છે. આ ચેરનાં વૃક્ષો જ ઊંટોનો મુખ્ય ખોરાક હતો. જત માલિકોનાં એક અવાજથી બધા ઊંટો દરિયાઈ ખાડીનાં પાણીમાં ચાલ્યા આવે છે. ભરતી આવે તે પહેલા આવા ટાપુઓ પર ઊંટો લઈને આવવાનું અને ભરતી ઊતરે ત્યારબાદ પરત જવાનું આ તેમનાં જીવનનો દૈનિક ક્રમ પણ હતો. તેમનો ઓછામાં ઓછાં બાર કલાકનો સમય આ રીતે વીતતો હતો.

નવલકથામાં કાદવમાં ફસાયેલ ઊંટને કાઢવાનો એક પ્રસંગ આવે છે. એ વખતે ઇબલાએ દાખવેલી તત્પરતા ત્યાંના લોકોની એકબીજાને મદદરૂપ થવાની ભાવનાને વર્ણિત કરે છે. ખાડીનાં કીચડમાં જમીનમાં આખેઆખા અંદર ઉતારી જવાય તેવા કળણમાં ફસાયેલ ઊંટને બચાવવાની ફાવટ અને આવા સમયે નાયકે ગઈકાલે જ છોડાવેલી, પાસીંગ વિનાની મોટર સાયકલ તેના માલિકને પૂછ્યા વિના મામુર નામનાં જત યુવકને આપી દે છે. તેમજ એ છોકરો પણ કિક મારીને ક્યાં કે કયા કામે લઇ જાય છે તેની પૃચ્છા કરવાનું ટાળીને સહજભાવે સોંપેલ કામગીરીને મહત્વ આપતો વ્યવહાર ઊડીને આંખે વળગે છે. મામુર મોટરસાયકલ પર બે યુવાનોને ખભા પર લાંબા લાકડાની વળી અને સારા દોરડા સાથે ખારાપાટમાં ઝડપથી ત્યાં લઇ આવે છે. કળણમાં ખૂંપેલા ઊંટની વચ્ચેની જરાક જગ્યામાં બંને તરફથી ઝૂકીને એકબીજાને ખભો આપીને એકે-એક જત યુવાન આ સમયે મદદ માટે ખડેપગે રહે છે. 'હેલીયા માલિક' કરીને હેલામણી ગાતાં પૂરી તાકાતથી ઊંટને કાઢવા ઉપસ્થિત બધા મથે છે. પશુ અને મનુષ્યનાં સહ-શ્રમનું તાલબદ્ધ સાયુજ્ય જોવા મળે છે. તેમના ઊંટો માટે કરવામાં આવતી પહેલથી એકબીજાને મદદરૂપ થવાની ભાવના અહીં કેન્દ્રસ્થાને રહે છે.

નાયકની બેંકના પટાવાળા મણજીની પત્નીનાં સંવાદ "જત તને અચ્છોવાના કરશે, મેમાન ઉપર મરી પડશે, તોય ખબર નૈ ત્યાં ખાવાનું કેવું બને કેવું નહીં." પરથી જણાય છે કે જત લોકો જમવાનું બનાવવામાં પોતાનો સમય બગાડતા નથી. ઉપરાંત કોઈ ખાસ વાનગી કે સંપૂર્ણ ભોજનમાં પણ માનતા નથી. જત લોકોનાં નેસડા દૂર-સુદૂર હોય છે. તેથી જમવાનો કે ભૂખ સંતોષવાનો તેમનો ચોક્કસ સમય બાંધેલો હોતો નથી. આથી જ વિસ્તારથી પરિચિત બેંકના પટાવાળા મણજીની પત્ની બે-ત્રણ દિવસ ચાલે તેટલા ઘઉંનાં લોટનાં ઢેબરાં અને સુખડીની પોટલી નાયકને બાંધી આપે છે. એટલે જમવાની મોટાભાગે દંગામાં અનિશ્ચિતા જોવા મળે છે. તેમ છતાં જમવા બાબતે જત લોકોમાં નિશ્ચિંતતા જોવા મળે છે. ચા કે દૂધ સાથે મોટાભાગે રોટલો તેમનો રોજીંદો મુખ્ય ખોરાક છે.

જત લોકો કોઈપણ આગંતુકને ક્યારેય ભૂખ્યા રહેવા દેતા નથી. એની પાસે જ્યાં સુધી કંઈપણ હશે તે ખચકાયા વિના બધું જ આપી દેશે. ઊંટ કાઢવાની ઘટનામાં નાયકનો થેલો એકબાજુ રહી જાય છે ત્યારે નોળિયો થેલો વિખેરી મુકે છે અને કીડીઓ ઢેબરા પર ચડી બેસે છે. ત્યારે નાયક પાસે ખોરાક માટેની બીજી કોઈ વસ્તુ ન હોવાથી રડમસ બનેલ નાયકને મામુર જણાવે છે કે,"તું ઇબલા જત હારે છો ને ? જત તને ભૂખ્યો નહીં રહેવા દે." આ વાક્યોમાં જત લોકોની મહેમાનો પ્રત્યેની લાગણી, પ્રેમભાવના અને વ્યવહાર જોવા મળે છે. કમર પર રોટલો બાંધીને નવા ઊંટો સાથે આવેલ ભૂખ્યો જત યુવાન પણ નાયકને અચકાયા વિના કોરેકોરો ટાઢો રોટલો આપી દે છે. તેમજ ઊંટડીનું તાજું દૂધ દોહીને તુરંત જ તપેલી ભરીને નાયકને આપવા પહોંચી જાય છે. આ દૂધ કોઈ વાડકીમાં નહીં પણ તેમની ખાસ તાંસળીઓમાં ભરીને આપવામાં આવતું હોય છે. જેનાં પરથી સમજી શકાય કે કાંસાનાં વાસણો જત લોકો હંમેશા વાપરતા હોય છે. ભોજન બાદ દૂધ પીવા ટેવાયેલ નાયક માટે જત લોકો તરફથી ભોજન સ્વરૂપે આપેલ કોરા રોટલા સાથે ઊંટડીનું દૂધ પીવાનો આ પ્રથમ પ્રસંગ બની રહે છે. આ રીતે જત લોકો માટે મોટેભાગે ઊંટડીનું દૂધ અને રોટલો જ દિવસ-રાતનું ભોજન બની રહેતું હોય છે. તેમ છતાં મહેમાનોને હેરાન ન થવા દેવા ટેવાયેલ જત ઇબલો નાયકને સાંજે કઢી-રોટલો બનાવીને જમાડવાનું કહી પોતાની મહેમાનગતિ કરાવે છે. કરુણતા તો ત્યારે સર્જાય છે જ્યારે ઇબલો નાયકને "દૂધ ભાવ્યું તો ખરું ને?"એના જવાબમાં "ખારું દૂધ છે" એમ કહેતા નાયકને 'દરિયા તરીને ચેરિયા ખાઈને જીવતા ઊંટ મીઠું દૂધ ક્યાંથી આપે ?' માં પશુ પ્રત્યેનાં પ્રેમ અને દુઃખની ભાવના સાથે વસવસો પ્રગટ થાય છે. આમ છતાં, હંમેશા દૂધ પીને અન્ય કોઇપણ ખોરાકની ચિંતા વિના આ જત લોકો પોતપોતાના કામો કરતા રહે છે. માલધારી લોકોને ખાવાનું તો ભાગ્યે જ હોય છે.

ફકીરાણી જત દરિયાપટ્ટી પર કે સિંધ જેવા રણમાં જ પોતાનું જીવન વ્યતીત કરે છે. ખેતર, ગામ કે વૃક્ષ જેવું કંઈપણ મળતું નથી. આથી અનાજ, લોટ કે શાક જેવું કંઈપણ આ વિસ્તારમાં ન મળે. જો લાવવું હોય તો પણ ઘણી લાંબી સફર તેમને ખેડવી પડતી હોય છે. તેમના છોકરાઓએ પણ ભાગ્યે જ દાણો જોયો હોય છે.ઇબલાની ૧૦ વર્ષની દીકરી પણ આટલી ઉમર સુધી રોટલો ચાખ્યાં વિના મોટી થયેલ છે તેની વાત પરથી આ વાતને નાયક સહજભાવે આપણને જણાવી દે છે. આમ, જત લોકો માટે ઊંટ જ વાહન વ્યવહાર અને દૂધ ઉત્પાદન કરનાર હિતેચ્છુ જીવનનિર્વાહ બની રહે છે. સવલતો અને સગવડભર્યા જીવન માટે તેઓ ક્યારેય ઝઝૂમતા કે દુઃખી થતા નથી. તેમ છતાં ઇબલો ગીત ગાઈ  છે તેમ "જત વટે વઈ, જત જેડો દાતાર કેર મેલે." જત જેવા વિશાલ દિલ અને દાતારી બીજા અન્ય કોની પાસે હોય !ભૂખજીબાઈને વરદાનરૂપે મળેલ એકલાની ઝીંદગી નહિ પણ પેઢી દર પેઢી જીવનભર સાચવવાની વાર્તામાં ભૂખ અને જત વચ્ચેનો સંબંધ અતૂટ બની રહે છે. આ રીતે અમર્યાદ ભૂખ્યા રહી શકનાર જત ઇબલો જણાવે છે તેમ પેટની ઉપાધિ તો જતોએ માગીને લીધેલ વરદાન છે. આ બાબત તેમનાં આત્મસન્માન અને ખુમારીનું દર્શન કરાવે છે. પ્રકરણ-૧૪ માં ગુલ નામની એક યુવતી નાયકને જારની ખીર ખાઈશ ? એવો સવાલ કરે છે ત્યારે લાલન ખીરની વાત સાંભળીને, "ગુલ આજે હું તારા ઘરે ખાઈશ" એમ જણાવે છે. ખારા દૂધમાં જુવારનાં થોડા દાણા અને ગોળ નાખીને આ ખીર બનાવાય છે. જેના પરથી કહી શકાય કે મહેમાનો માટે ખીર ખાસ સંજોગોમાં બનાવવામાં આવતી હતી.

જત લોકોનું સામાજિક જીવન અસ્થિર હોય છે. કોઈ એક જગ્યા પરથી અમુક સમય કે માલઢોર માટે ઘાસચારો ઉપલબ્ધ હોય ત્યાં સુધી જ તેમનો એ જગ્યા પર વસવાટ હોય છે. ઊંટોનો ઉછેર તેઓ પોતાના દૈનિક જીવન વ્યવહાર, હરવા-ફરવા તેમજ દૂધ પીવા માટે કરે છે. ઊંટોને માણસની જેમ વ્યક્તિગત નામ પણ આપે છે. 'શોભના' અને 'ઇઝાઝા' ઊંટડીઓનાં નામ તેના ઉદાહરણો છે. ચેરિયાના ટાપુ પર ખારાઈ ઊંટની નાનકડી બાળકી 'શોભના' નામની ઊંટડીને ચરાવતો લાલનનો પરિચય પ્રકરણ-૧૪ માં જોવા મળે છે. લાલન ઇબલાનો પૌત્ર છે. ઇબલો લાલનને કહેતો કે, "નાનકડી ઊંટડી 'શોભના' તારી દોસ્ત નથી, તારી બહેન છે. તું શોભનાનો ભાઈ છે. તમે બેઉ એક માનું દૂધ પીઓ છો. તો ભાઈ-બહેન થયાં કે નહીં ?"લાલન ઊંટડીનાં ગળા પર પ્રેમથી 'શોભના' નામ છપાવે છે. આ નામ પાડવા પાછળ પણ એક કારણ એ છે કે ત્યાંની કોઈ સંસ્થાનાં કાર્યકરનું નામ 'શોભના' હતું. તે બાળકો માટે ફુગ્ગા કે ભમરડા લાવતી. ત્યાં લોકોની મુલાકાત બાદ ફુરસદનાં સમયે બાળકોને વાર્તા પણ કહેતી હતી. જે લાલનને બરાબર યાદ હતું. આથી આ નામ તેણે ઊંટ માટે પણ નક્કી કરી દીધેલ. દુઃખની બાબત એ હતી કે લાલન આ શબ્દને વાંચી શકવા માટે અસમર્થ હતો. આમ છતાં, પશુ પ્રત્યે પણ માનવ સંબંધો જેમ અગાધ પ્રેમ, હૂંફ અને અપાર લાગણી રાખવા માટે જત લોકો પ્રખ્યાત છે.

જત લોકો સમયે-સમયે માલઢોર લઈને ફરતા રહેતા હોય છે. ઇબલો નાયકને નારાયણ સરોવર, કોટેશ્વર મંદિરે પણ લઇ જાય છે. જ્યાંથી ભારત-પાકિસ્તાન સરહદ નજીક છે. સરહદની વાત ઇબલાને ભાવુક બનાવે છે. તે નાયકને કહે છે કે, "અહીં જે આવે તેને સરહદ જોવી હોય છે.", "સરહદ સામે નજર માંડતા અમારા દિલને જોર પડે છે." સાથે તેને કચ્છી માતૃભાષામાં જણાવે છે જેનો મર્મ ખૂબ જ ભાવુક છે. તે જણાવે છે કે,"જન્મથી સાઈઠ વર્ષની ઉંમર સુધી તેનાં ઊંટ, ઘેટાં-બકરાં કચ્છથી આ તરફ છેક બંગાળનાં છેડે અને આ બાજુ સિંધ વીંધતા બલોચ અને અફઘાન કબીલાઓમાં નિરાંતે જઈ શકતાં. ૧૯૪૭નાં એ વરસાદી દિવસોમાં શું બન્યું કેકચ્છભૂમિ વળોટવાની મનાઈ થઇ

ગઈ. રાતે સૂતા સુધી તેઓ બેહદમાં હતાં. સવારે જાગતા તો હદમાં આવી ગયાં." એ વિધાનમાં બંને દેશો વચ્ચે થયેલ ભાગલા અને સંજોગવશાત પરિસ્થિતિનું દુ:ખ જોઈ શકાય છે. સરહદો બનતા માત્ર બે દેશોનું નિર્માણ નહીં પણ વ્યવહાર, સંબંધો, લાગણી, સ્વજનો અને બીજું ઘણું બધું છીનવાઈ ગયાનો સંદેશ ઇબલાનાં આ વિધાનો આપી જાય છે. દેશ આઝાદ થયો હતો પણ ઇબલા જેવા પગપાળા ફરનાર હજારો લોકો અને તેમનાં ચોપગાં સાથીઓની સિંધ સુધી ફરવાની કે આવવા-જવાની આઝાદી પણ છીનવાઈ ગઈ હતી. સંસ્કૃતિઓનાં આદાન-પ્રદાન અને આનંદ-દર્દનાં ગીતોની આપ-લે પણ અટકી ગઈ હતી. કહેવતો, રહસ્યવાક્યો વિસરાઈ ગયાં હતાં. પરાવાણી બોલતાં સંતો અને તેમની વાણીઓનાં પ્રદેશો નક્કી થઇ ગયાં હતાં. સરળ અધ્યાત્મની રેશમ દોરી ગંઠાઈ ચૂકી હતી. સાહિત્ય અને લયનાં પણ બે ભાગ થઇ ચૂક્યાં હતાં.

જત લોકોમાં સ્ત્રીઓ અનોખા 'નેસ' જેવા ઘર બનાવીને રહે છે. તેઓ ઘરનું બધું કાર્ય કરે છે. વૃદ્ધ માતાઓ છોકરાઓ અને પ્રાણીઓને સાચવે. તેમનાં ઘર એટલે ઘાસનો રૂમ. ખારા પાણીમાં આઠ-દસ ફૂટની ઊંચાઈ સુધી ઊગતા હોય તેવા રેશમી 'છૈયા' કે 'સૈયા' નામથી ઓળખાતા ઘાસને એકબીજા સાથે બાંધીને દીવાલો અને દરવાજા બનાવવામાં આવતાં હતાં. ઘરની અંદર પાતળા લાકડાઓની અભરાઈઓ બનાવવામાં આવતી. આ ઘરમાં અંદર જમીન પરથી માટીથી ચણીને કબાટ કે પટારાની વ્યવસ્થા કરવામાં આવતી હતી. ઘરમાં અન્ય ખોરાકી વસ્તુને રાખવા માટે ઘાસમાંથી બનેલી ટોપલી જેવાં શીકાં પણ લટકાવવામાં આવતા. પરંતુ ભાગ્યે જ કોઈ વસ્તુઓ રાખવાની જરૂર રહેતી. ચોમાસામાં પાણી ચૂવે તો ધોધમાર વરસાદ હોય તો તાડપત્રી ઢાંકીને આ ઘરોનું રક્ષણ કરવામાં આવતું. વરસાદ અને માવઠા વિષેની ચર્ચાઓમાં નાયકને 'નથી' નામની જત વૃધ્ધાનાં ઊંડા જ્ઞાનનો પરિચય નાયકને મળે છે. માત્ર ઊંટડીનું દૂધ પીને મોટી થયેલી લાલનની બહેન આબેદા 'નથીડાડી' બોલે છે ત્યારે નાયકને તેનાં 'નથી'નામનો પરિચય મળે છે. આમ,તેમના ઘર ઘાસનાં પણ સુંદર હતાં.

સ્ત્રીઓનાં સામાજિક જીવન અને વ્યવહારનો તેમની વાતચીત પરથી પરિચય મળે છે. જત સ્ત્રીઓ નવરાશની પળોમાં ભરતકામ કરતી હતી. જુદાં-જુદાં રંગોથી ઝીણવટભરી રચનાઓ કરીને વૈવિધ્યપૂર્ણ ભરતકામ કરવામાં આવતું હતું. દરેક બહેનો પોતપોતાનાં ઘેર પોટલા બાંધીને તેમનાં ભરતકામને સાચવીને રાખતી હતી. ભવિષ્યમાં દીકરીઓને આણું આપવા માટે તેનો ઉપયોગ થતો હતો. કરિયાવરનો સામાન કહેવા કરતાં પણ દીકરીઓને આપવાની ભાવના તેમાં સ્પષ્ટપણે ઉજાગર થાય છે. ૮૦ આસપાસ પહોંચેલ વૃદ્ધા નથીડાડી સુરમો આંજતી હતી. નાયક સાથે થયેલ ચર્ચામાં સસ્મિત વાતો, અફસોસ કે ક્ષોભ, લાવણ્યમય હિલચાલ આ બધું જ દિશાસૂચક બની રહે છે. સાદગીમાં સુંદરતા અને જીવનને આનંદમય રહીને જીવવું આ સન્નારીઓની વિશિષ્ટતાઓને સુચવી જાય છે. 'નથીડાડી' પહેલા વ્યક્તિ છે જેમનું ઘર નાયક એ વિસ્તારમાં પહેલીવાર જુવે છે. એના પરથી જાણી શકાય છે કે જત લોકો વણઓળખીતા લોકોને પણ જમવાનું તેમના સ્થળે કે નિવાસસ્થાને પહોચાડી દે છે.

નવલકથામાં દરિયાકાંઠે આવેલ વિસ્તારમાં પીવાનાં મીઠા પાણીની પણ વિકટ સમસ્યાનું વર્ણન થયેલ છે. આ વિસ્તારમાં નાયકની બેંક દ્વારા માત્ર ટાંકી બનાવી દેવાથી પાણીની સમસ્યા હલ થઇ જાય તેમ નહોતું. ક્યાંય દૂર-દૂરથી પાણી લાવીને તે ટાંકીમાં ભરીને જુદી-જુદી જગ્યાઓ પર રહેતા લોકો સુધી આ પાણીને પહોંચાડવાની પણ મોટી જવાબદારી હતી. જત સન્નારીઓ પનિહારી સ્વરૂપે મીઠા પાણીની હેલ માથા પર મુકીને દરેકને ન્હાવા માટે કે ઘર વપરાશ માટે દૂર-સુદૂરથી પાણી લઈને આવે છે. સ્ત્રીઓ દ્વારા દૂરથી સારીને લવાયેલ આ મીઠા પાણીનો જ પીવા માટે ઉપયોગ થતો હતો.

જત લોકો શ્રધ્ધાવાન અને પરંપરાને સાચવી જાણનારા લોકો છે. ફકીરાણી જતના પીર એ 'સાવલાપીર' છે. જેઓએ ૪૦૦ વર્ષ સુધી પોતાનું જીવન ઊંટોનાં ટોળાઓમાં વીતાવેલું. તેમણે કહેલ વચન મુજબ જીવન જીવવું તે દરેક જતલોકો પોતાની અમુલ્ય ફરજ સમજે છે.

> "પાંખે ક્યારેય છોડીશ નહીં, દૂધનું માખણ કાઢીશ નહીં,
> ગાગ્ધેને ક્યારેય વેચશો નહીં, જ્યારે આવું કરશો ત્યારે કયામત આવી જશે."

જેનો અર્થ આ મુજબ છે : "ઘાસને છોડવા નહીં, ઊંટનાં દૂધમાંથી દહીં, છાસ, માખણ કરવાનું નહીં અને અમારા કપડા વેચશો નહીં. આવું થાય તો કયામત આવે." આથી પોતાની પરંપરા મુજબ જત લોકો ઘાસથી બનેલા ઘરમાં રહે છે. અહીનાં જત લોકો પાકા મકાન બનાવતા નથી. ઊંટનાં દૂધનો પીવા માટે જ ઉપયોગ કરે છે. તેમાંથી દહીં, માખણ, છાસ, કે ઘી જેવી અન્ય કોઈ વસ્તુઓ બનાવતા નથી કે તેનો ઉપયોગ કરતા નથી. ભરત ભરીને બનેલ વસ્ત્રોને વેચતા નથી. જત સ્ત્રીઓ પણ પોતાનો પહેરવેશ ક્યારેય વેચતા નથી. ફકીરાણી પીરનાં વચનનું પાલન કરવા અહીં વસતા જત લોકો કટિબદ્ધ છે.

ઇબલો નાયક સાથે ચર્ચા કરતી વખતે 'કુંજ' પક્ષીઓને 'દેવતાઈ પંખી' તરીકે ઓળખાવે છે. તેના અવાજમાં હર..હર..હર.. નો નાદ સાંભળે છે. આકાશે ચઢતા કે ઉતરતા આ પંખીઓ પવનદેવનાં ફેરા ફરે છે અને પૂર્ણપણે ભક્તિ કરે છે. આથી તેને દેવાંશી જીવ કહીને પ્રાણી પક્ષી ને પણ ઈશ્વર સ્વરૂપે જુએ છે. દરિયાને પાણીનો દેવ કહીને દરિયાદેવમાં પોતાની શ્રદ્ધા રાખે છે. તેમજ ચેરિયા વૃક્ષો પણ તેમના માટે જીવ બની રહે છે. "કુદરતનાં હક કુદરતને અદા કરવા દો. આપણે બીજા ઘણા હક અદા કરવાના છે" જેવા વિધાનોમાં ઈબલાને ઊંડી વિચારસરણી ધરાવતો દાર્શનિક બનાવી દે છે.

પ્રકરણ-૧૫ માં આવતા મોઈન, તેનાં દાદી મહેરૂન્નીસા, પુત્ર ફારુક અને તેના પત્ની પરવીનનાં વ્યવહારમાં ઉદાત્ત ખાનદાનીનાં દર્શન થાય છે. રબારી માલધારી દેવાયાતની પુત્રી રઈકીની 'છબી' નામની ભેંસ ૭-૮ વર્ષ પહેલા ખોવાઈ ગયેલ હોય છે. લગ્ન બાદ પણ તેને આ ભેંસની યાદ હંમેશા આવે છે. એકવાર પિયર આવતા તે મોઈન નામના જત બાળક પાસે 'ખુશ્બુ' નામની ભેંસને જોઇને પોતાની 'છબી' નાં દર્શન થાય છે. પોતાની જ ભેંસ જેવી લાગતી આ ભેંસને ઓળખવામાં રઈકીને જરા પણ વાર લાગતી નથી. મોઈનને ઠપકો આપ્યાની વાતને તેની માતા પરવીન છેક રબારીની દીકરી રઈકી અને તેની માતા અજી પાસે પહોંચીને મોઈન પાસે રહેલી ભેંસ 'ખુશ્બુ' છે અને તેમનાં પડાવમાં જન્મીને મોટી થયેલી છે, મોઈન કાંઈ ખોટું નથી બોલતો તેની સ્પષ્ટતા કરે છે. પોતાના દીકરાને સાચો સાબિત કરવા તેમજ ભૂલથી પણ તેને ચોર ન સમજે તેની ખાતરી માટે મોઈનની માતા પરવીન દૂર સુધી અહીં પહોંચી હતી. સાંજે અંધારું થવા છતાં જત સ્ત્રીને અજીએ રોકાવાનું કહ્યું હોવા છતાં 'માલધારીને અંધારા-અજવાળાં શું ગણવાનાં ?' એમ કહીને ચાલી નીકળે છે. જ્યાં આ કોમની સ્ત્રીઓની બહાદૂરીસૂચક રીતે વર્ણવાઈ છે.

પરવીનનાં ખુલાસા છતાં અજી અને દીકરી રઈકી માટે ભેંસ ભૂલવી અશક્ય હતું. તેમને પરવીનની વાત અર્ધસત્ય કે જુઠ્ઠી જ લાગી હતી. આ ઘટનાને બે-ત્રણ દિવસ બાદ એક શનિવારે વૃધ્ધા મહેરૂન્નીસા અને તેનો અઢારેક વર્ષનો પૌત્ર મોઈન ઊંટ પર બેસીને અજીનાં ઘેર જાય છે. ઊંટ પાછળ બંધાઈને એક ભેંસ દોરાતી આવે છે. અજીનાં ઘેર ઊંટ ઝોકારીને ભેંસને હવાડે પાણી પીવરાવીને એક તરફ ઉભી રાખે છે. યજમાનો મહેમાનોને આવકાર આપે છે. જમવાનું છે કે નહીં તે પૂછવાની ત્યાં જરૂર જણાતી નથી. ઊંટોનું દૂધ અને રોટલો તે મહેમાનોનું ભોજન એટલે વાર પણ ન લાગે.મોઈનનાં દાદી મહેરૂન્નીસા એ વધુ સ્પષ્ટતા માટે રઈકીને લાવેલ ભેંસને 'બરાબર જોવા' જણાવે છે ને તેમની 'છબી નથી' તેવું પણ કહે છે. છતાં આ ભેંસ આપવાનું કારણ રજૂ કરતા વૃધ્ધા મહેરૂન્નીસા કહે છે કે પાડીનાં જન્મથી જ મોઈને તેનું 'ખુશ્બુ' નામ રાખેલું. રડમસ રઇકીને આશ્વાસન આપતા તેના માથે હાથ ફેરવીને વૃધ્ધા 'છબી ભેંસ'ની જત બોલીમાં વાત કરે છે. સાતેક વર્ષ પહેલા 'છબી' તેને ત્યાં આવેલી. વૈશાખ મહીને બન્નીમાં અચાનક પડેલ વરસાદની આ વાત હતી. ત્યારે વીજળી પડવાથી ફારુક અને તેના ઊંટ દાઝી ગયા હતા. બે ઊંટો પણ મરી ગયેલ. ફારુકને પરવીન પાટણ દવાખાને લઇ ગયેલ. ત્યારે મરી ગયેલ ઊંટો સાથે ડરીને ફસડાઈ પડેલ એક ભેંસ મહેરૂન્નીસાએ જોઈ હતી. ભેંસને કશું થયેલ નહતું પણ વીજળીના બનાવનાં આઘાતથી ડરી ગયેલ કે ચિત્તભ્રમ પામી ગયેલ. બન્નીની ભેંસો નિશાચર હોય છે એમ માનીને સ્વસ્થ બનીને પેલી ભેંસ ઘેર નીકળી ગઈ હશે અને એની રીતે જતી રહેશે એમ માનીને મહેરૂન્નીસા પોતાનાં ઊંટો સાથે આ દંગામાંથી ઘરવખરી સાથે નીકળી પડે છે. પોતાના પડાવે મહેરુ દૂધ દોવા બેઠી ત્યારે તેને ખબર થઇ કે એક નામ વગરની ભેંસ પણ છે. ત્યારથી તે મહેરૂન્નીસાને આશરે રહી હતી. તેને એક પાડી થઇ તે આ 'ખુશ્બુ'. મહેરૂન્નીસા જણાવે છે તેમ એકસવારે ઘાસની શોધમાં ફારુક સાથે મોઈન તેની ભેંસો અને ઊંટોનાં ટોળા સાથે ગયેલા ત્યારે ફાટક પાસે માલધન ઊભું રહેલ. વરાળ એન્જિનોનાં મોટા અવાજે પાવો સાંભળતા અફડાતફડીમાં બે ઊંટો અને 'ખુશ્બુની માં' ભડકીને દિશાહીન દોટ મુકેલી. ઊંટોને બચાવવા ફારૂકે મહેનત કરી પણ એટલી વારમાં ડરેલી ભેંસ કચડાઈ મરે છે. રઇકીએ 'ખુશ્બુ'ને 'છબી' માનીને ઓળખી છે. 'ખુશ્બુ'તેની માનું જ રૂપ લઈને અવતરી છે તેની સાહેદ તો મહેરૂન્નીસા પોતે જ છે. એમ જણાવીને વૃધ્ધાએ પોટલીમાંથી પિત્તળનો ડબ્બો કાઢીને બાંધેલા સિક્કા અને ચલણી નોટો અજીને આપતા કહે છે કે "આ લે, મેં આજ સુધી તારી ભેંસના દૂધ વેચ્યાં એનો હિસાબ."માલધારીની ઓરત બેહિસાબ રહે તો તેના ઘરની બરકત જતી રહે એમ કહી પોતાની માન્યતાને વૃધ્ધા વ્યક્ત કરે છે. ભેંસ 'છબી' પાછળ કરેલ ખર્ચ કાપીને તે હંમેશા આમાં પૈસા મુકતી હતી તે પણ જણાવે છે. ખેરાત ન કરતા સાત વર્ષ સુધી આ પૈસા કોના એમ માનીને હાલ સુધી સાચવેલા. પણ એ પૈસા 'રઇકીનાં હકનાં હતાં'તેમ કહીને રઇકીને ભેંસની સાથે તેની માની કમાણી પણ પરત કરે છે.આવી દિલેર ખાનદાની અને ખુમારીનાં અહીં સામાજિક વ્યવહારમાં દર્શન થાય છે. રઇકી પણ છેલ્લે 'આ ભેંસ હવે મારીને ?' એમ ખાતરીપૂર્વક કહીને અંતે મોઈનને તેની સાચવણ માટે ભેટ આપતી હોય તેમ ખુશ્બુને ગળે હાથ ફેરવી, કપાળે અડીને ઊંટ પાછળ ભેંસને બાંધીને પાછી આપે છે. "પસ્લીનો ખોબો ગણીનેય હાથ પાછો ન ઠેલતો, મોજ કર અને સુખી થા" એમ કહીને મોઈનને આ મોટીબેન ભેંસની ભેટ આપી દે છે. માનવ સંસ્કારિતાનું ઉત્તમ દૃષ્ટાંત અહી આપણને જોવા મળે છે. રઇકીની માતા અજી પણ પોતાની ફરજ અદા કરે છે. તે ઘરમાંથી ચાંદીનું કડું લાવીને ભેંસને શીંગડે ટાંગીને "આ ખુશ્બુની માની કમાણી છે. નવરાશે ખુશ્બુનાં

પગે ચડાવી દેવા" એમ જણાવે છે. આ આવન-જાવન વચ્ચે માલધારી સમાજની ખુમારી અને કોઈનું લેવા કરતા એકબીજાને કઈક આપીને પોતાનું ઋણ અદા કરે છે. 'અલ્લાહની ભેટ' માનીને રાખેલી ભેંસને 'અલ્લાની અમાનત' તરીકે રાખીને તેની કમાણી મહેરૂન્નીસા વિના સંકોચે રઇકીને આપતા સહેજ પણ ખચકાતી નથી. આમ, સૂક્ષ્મ પ્રકારનાં ગાઢ ધર્મનું જ્ઞાન પુસ્તકો વિના પણ પારખી શકવાની જત સ્ત્રીઓની ક્ષમતા હતી. સામે રઇકી પણ 'અણહકનું લેવું નહિ' એ સમજ કેળવતા વાર ન કરીનેલગાડતા બન્નીની કિમતી ગણાતી ભેંસ ઓળખાણ વિનાનાં જત નવયુવાન મોઈનને તેની ચાકરી બદલ સહેજ પણ થડક્યા વિના આપી દઈને પોતાની ખાનદાની પ્રકટ કરે છે. "કોણે શું ગુમાવ્યું કે કોને શું મેળવ્યું" એના હિસાબ વગર એકબીજાને મળીને કોઈ ઉચાટ વિના આ પરિવારો એકબીજાથી છૂટા પડે છે અને પોતપોતાનો લોકવ્યવહાર સાચવી જાણે છે. એમાં માનવતાની મહેક પ્રસરી રહે છે.

ખાડી કિનારે વસતા જત પુરુષ લોકોની જીવનશૈલી સાવ સરળ અને આત્મવિશ્વાસથી ભરપૂર હોય છે. તેઓ ઊંટો ચરાવતા હોય ત્યારે કુદરતી રીતે ઊગેલા ચેરનાં વૃક્ષો પર વાંસ અને પાટિયાં બાંધીને આરામથી બેસી કે લંબાવી શકાય તેવી વ્યવસ્થા કરીને રહેતા હોય છે. વૃક્ષ પર પતરા ગોઠવીને કોલસો સળગાવીને ચાની પણ વ્યવસ્થા રાખે છે. વૃક્ષ પર ગોળ, ચા પત્તી રાખીને ખાડીમાં જ ચા બનાવીને પીવાની મજા માણતા વૃક્ષો પર જ સુવાની સગવડ પણ કરી લે છે. નન્નું નામનો કિશોર નાયકને વૃક્ષ પર ક્યાં હાથ મુકવો, ક્યાં પગ મૂકવો તેની કુશળતા અને આ પ્રદેશનો ભોમિયો હોય તેવી કુનેહ દર્શાવે છે. આ માટે જરૂર જણાયે નન્નું નાયકનો હાથ પકડીને વૃક્ષ ઉપર ચડવામાં મદદરૂપ પણ બને છે. આમ, જત લોકો શ્રદ્ધા અને બહાદુરીથી પોતાનું જીવન જીવે છે. તેમની આગવી જીવનશૈલી તેમને અન્યોથી તદ્દન ભિન્ન, ખુમારીભર્યા અને શૌર્યવાન બનાવે છે.

**ઉપસંહાર :**

જત લોકોનું સામાજિક જીવન સરળ, ખુમારીભર્યું અને વ્યવહારુ હોય છે. એકબીજાને મદદરૂપ થવા અને જીવનશૈલીને ગમે તેવા ગંભીર વાતાવરણમાં પણ સહજ શાંતિ અને આનંદથી જીવવામાં પણ અલ્લાહનો આભાર વ્યક્ત કરે છે. ખોરાક અને પાણીની સમસ્યામાં પણ પોતાનું જીવન આનંદથી વિતાવે છે. ઊંટનાં દૂધ અને જારનાં રોટલા પર પોતાનો જીવનનિર્વાહ કરી જાણે છે. સાદગી અને સરળતા એટલી કે કુદરત કે અલ્લાહને તેમની જીવનશૈલી બાબતે ક્યારેય તેમની કોઈ ફરિયાદ નહોતી રહેતી. નવલકથામાં વિવિધ કચ્છની ભાગોળમાં વસતા જત પાત્રો અક્સા, આઈઝા,ઇબલો, લાલન, નન્નું, આઈઝા, ગુલ, નથીડોશી,આબેદા, વૃધ્ધા મહેરુનીસા, ફારુક, પરવીન, મોઈન જેવા પાત્રો આ દરેક તેમની આગવી પ્રતિભા અને ખાસિયતથી આપણી સામે આવે છે તેમજ આ પાત્રોની વિશેષતાઓ તેમને સામાજિક કુશળતા અપાવે છે. ઈબલાની વ્યવહાર કુશળતા અને મહેરૂન્નીસાની ખાનદાની બંને અલગ પ્રકરણોમાં જત લોકોનાં જનજીવનને એક નવીન દિશામાં નાયક ઉજાગર કરે છે.

**સંદર્ભ :**


- ભટ્ટ, ધ્રુવ .(૨૦૨૫)*તિલોર.* અમદાવાદ .આ.પ્ર .ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય :
- શાસ્ત્રી, કે.(૨૦૨૨).કા. *બૃહદ ગુજરાતી કોશ.લો ૧ ખંડ .* અમદાવાદતૃતીય ,૩૮૦૦૦૬-અમદાવાદ ,યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ : .આવૃત્તિ
- શાસ્ત્રી, કે.(૨૦૨૩).કા. *બૃહદ ગુજરાતી કોશ.જો ૨ ખંડ .* અમદાવાદદ્વિતીય ,૩૮૦૦૦૬-અમદાવાદ ,યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ : .આવૃત્તિ
- જીલ્લા વહીવટી તંત્ર .(૨૦૨૬) કચ્છ ,*કચ્છનાં લોકો.*retrieved from Https://kachchh.nic.in/gu/કચ્છના/લોકો-on date26 Jan, 2026.